વેચાણ ચાલુ છે
કેસર કેરી મળશે
તલાલા ગીરની આરગેનીક કેસર કેરી
૧૦૦ ટકા કાર્બાઈડ ફ્રી

શ્રીજી ફાર્મ
પાકી કેસર કેરી
સ્થળ : આપ્સુ ટ્રેક્ટર, જી.આઈ.ડી.સી. બોરસદ ચોકડી, આણંદ. મો. ૯૯૦૯૨૭૬૦૨૨
રવિવારે ચાલુ રહેશે

email : nayapadkar@gmail.com (માત્ર જાહેરખબર માટે)
email : samacharsathi@gmail.com (માત્ર સમાચાર માટે)

સત્ય માટે, સહુની સાથે

# નયા પડકાર

R.N.I. Reg. No. 43431/84 P.O. Regd. No. G/AND/39/2018-20 email : nayapadkar@gmail.com website : nayapadkar.in

સીજે ફાઈનાન્સ લિમિટેડ દ્વારા
ધંધા માટે, અભ્યાસ માટે કે આર્થિક જરૂરીયાત પૂરી કરવા
મોર્ગેજ લોન
સુવિધાનો લાભ લો અને આપની જરૂરીયાત પૂરી કરો
સી.જે. ફાઈનાન્સ લિમિટેડ
સી.જે. હાઉસ, મોટાપોર, નડીઆદ.
નડીઆદ : ૯૮૨૪૪ ૫૨૧૨૭ આણંદ : ૯૮૨૪૪ ૩૬૭૨૭
ખેડા : ૯૮૨૪૪ ૯૪૯૨૭ મહેમદાવાદ : ૯૮૨૪૪ ૯૫૬૨૭

વર્ષ : ૩૪ અંક ૩૬, ૧૬ એપ્રિલ ૨૦૧૮ સોમવાર ચૈત્ર વદ ૦)) વિક્રમ સંવત ૨૦૭૪ મુદ્રક પ્રકાશક મેનેજિંગ તંત્રી : દીપકભાઈ પટેલ, ગુજરાત સાથી પ્રકાશન પ્રા.લિ. સાથી એસ્ટેટ, આણંદ Published from ANAND ટેલિફોન નં. ૨૫૨૮૪૦,૨૫૩૪૪૦ ફેક્સ ૨૪૦૧૧૪ કિંમત : ૧ રૂા. પાનાં : ૮

## એસસી એક્ટ અંગે વટહુકમ લાવવાની કેન્દ્રની વિચારણા

**મૂળભૂત જોગવાઈઓ ફરી સ્થાપિત કરવાનો હેતુ : દલિત સમુદાયમાં પ્રવર્તી રહેલ નારાજગી દૂર કરવા માટે સરકાર સંસદના ચોમાસુ સત્રમાં વિશેષ બિલ લાવી શકે**

નવીદિલ્હી, તા. ૧૫

એસસી અને એસટી સમુદાયના લોકો સામે અત્યાચાર કરનાર આરોપીઓની ધરપકડના સંદર્ભમાં તથા જામીનના સંદર્ભમાં સુપ્રીમ કોર્ટે હાલમાં જ ચુકાદો આપ્યા બાદ તથા જોગવાઈમાં નજીવા ફેરફાર કર્યા બાદ દલિત સમુદાયની નારાજગી વચ્ચે કેન્દ્ર સરકાર જુદા જુદા વિકલ્પો ઉપર વિચારણા કરી રહી છે. પ્રાપ્ત માહિતી મુજબ એસસી-એસટી એક્ટના ચુકાદાના સંદર્ભમાં કેન્દ્ર સરકાર વટહુકમ સહિતના પાસાઓ ઉપર વિચારી રહી છે. સરકાર માને છે કે, એસસી-એસટી એક્ટની મૂળભૂત જોગવાઈઓને ફરી લાગૂ કરવા માટે કેન્દ્ર સરકાર વટહુકમ લાવી શકે છે. જુદા જુદા સ્તર પર સરકારની અંદર ચાલી રહેલી ચર્ચાઓ ઉપર નજર રાખનાર સુત્રોએ કહ્યું છે કે, મૂળભૂત જોગવાઈઓને ફરી લાગૂ કરવા વટહુકમ લાવવાનો કોઈપણ નિર્ણય હાલમાં દલિત સમુદાયમાં ફેલાઈ રહેલી નારાજગીને દૂર કરવામાં મદદરુપ બની શકે છે. સંસદનું ચોમાસુ સત્રમાં એક બિલ રજૂ કરવામાં આવી શકે છે. જુલાઈમાં યોજાનાર આ સત્રમાં એક ખાસ બિલ રજૂ કરીને અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ અત્યાચાર અટકાયત ધારા ૧૯૮૯માં સુધારા કરી શકાય છે. આ સુધારા મારફતે દલિત સમુદાયના લોકોને વિશ્વાસમાં લઈ શકાય છે. સરકાર પાસે જે વિકલ્પો રહેલા છે તેમાં વટહુકમ લાવવા, અગાઉના કાયદામાં સુધારા કરવા બિલ રજૂ કરવાના વિકલ્પ સામેલ છે. જાણકાર લોકોનું કહેવું છે કે, જો વટહુકમ લાવવામાં આવશે તો તેને પણ સંસદ દ્વારા બિલમાં ફેરવીને પસાર કરવાની જરૂર રહેશે. આ બે કવાયતોના પરિણામ મૂળભૂત જોગવાઈઓને ફરી સ્થાપિત કરવાના છે પરંતુ વટહુકમથી તરત પરિણામના લાભ મળી

અનુસંધાન પાન ૨ ઉપર



કોમનવેલ્થ ગેમ્સમાં ભારતે કુલ ૬૬ મેડલ મેળવ્યા છે તે મેડલ મેળવનાર તમામ ખેલાડીઓની એક સામૂહિક તસવીર.




આ ફોટો સોશિયલ મીડિયામાં વાયરલ થયા બાદ પાકિસ્તાની સંસદમાં જામીને હોબાળો થયો.

## પાકિસ્તાનમાં ભગવાન શિવનું અપમાન, હિંદુઓમાં રોષ

નવીદિલ્હી,તા.૧૫

આ ફોટો સોશિયલ મીડિયામાં વાયરલ થયા બાદ પાકિસ્તાની સંસદમાં જામીને હોબાળો થયો હતો, મામલાની જાંચના તપાસના આદેશ પણ કરવામાં આવ્યા છે.

પાકિસ્તાનના પૂર્વ નામચિન ક્રિકેટર અને પાકિસ્તાન તહરીક - એ-ઈન્સાફ (PTI) પાર્ટીના અધ્યક્ષ ઈમરાન ખાનની એક ફોટો આ દિવસોમાં પાકિસ્તાનમાં વિવાદ રૂપ બની ગઈ છે. જો કે, આ ફોટામાં ઈમરાન ખાનને ભગવાન શિવના રૂપમાં દર્શાવવામાં આવ્યા છે. આ ફોટાના વાયરલ થયા બાદ પાકિસ્તાની સંસદમાં આ વિવાદને લઈને ઘણા હોબાળા થયા હતા.

આ મામલે પીટીઆઈએ વિપક્ષી નવાઝ શરીફની પાર્ટી પર આરોપ લગાવ્યા હતા કે તેની જ પાર્ટીના માણસોએ આ ફોટો સોશિયલ મીડિયા પર વાયરલ કર્યો છે.

આ ફોટાના સામે આવ્યા પછી પાકિસ્તાનની સંસદમાં વિપક્ષી પાર્ટીઓએ જોરદાર હંગામો કર્યો હતો. વિપક્ષી પાર્ટી પીપીપીના નેતા રમેશ લાલે સત્તાધારી દળ પર આરોપ લગાવ્યા કે પાર્ટી હિન્દુઓના ધાર્મિક ભગવાનોને નારાજ કરે છે, જે દેશના સંવિધાનની વિરૂદ્ધ છે.

ઈમરાન ખાનની આ ફોટો ૮ એપ્રિલે એક ફેસબુક પેજ પર નાખવામાં આવેલી. જે ફેસબુક પેજ પર આ ફોટો નાખવામાં આવેલો તે પેજનુ નામ 'વી લવ નવાઝ શરીફ, શહબાજ શરીફ એન્ડપીએમએલ (એન)' છે. આવામાં એવુ મનાઈ રહ્યુ છે કે આ પૂર્વ પ્રધાનમંત્રી નવાઝ શરીફઅને તેમના સમર્થકોનુ કામ છે.

આ ફોટાના સામે આવ્યા

અનુસંધાન પાન ૨ ઉપર

## પાકિસ્તાને બાબર ક્રુઝ મિસાઈલનું સફળ પરીક્ષણ કર્યું

ઈસ્લામાબાદ,તા.૧૫

પાકિસ્તાને શનિવારે જમીન અને આકાશમાં દુશ્મન પર ટાર્ગેટ કરી અટેક કરવા સક્ષમ બાબર ક્રુઝ મિસાઈલનું સફળતાપૂર્વક પરીક્ષણ કર્યું છે. પાકિસ્તાનની સ્વદેશી બાબર ક્રુઝ મિસાઈલ હથિયારો લઈ જવામાં સક્ષમ છે. આ મિસાઈલની મારક ક્ષમતા ૭૦૦ કિલોમીટર સુધીની બતાવવામાં આવી રહી છે.

આ મિસાઈલની સફળ પરીક્ષણ કરીને પાકિસ્તાનની ઈન્ટર સર્વિસ પબ્લિક રિલેશન (ISPR) ધ્વારા જણાવવામાં આવ્યું કે બાબર વેપન સિસ્ટમ એડવાન્સ એરોડાયનેમિક ઓછી ઉડાનવાળી મિસાઈલ છે. જે અલગ અલગ હથિયાર લઈ જવામાં સક્ષમ છે. મિસાઈલ પરીક્ષણ પછી પાકિસ્તાની સેના ધ્વારા જણાવવામાં આવ્યું કે બાબર વેપન સિસ્ટમ જમીન અને આકાશ બંને જગ્યાઓ પર

અનુસંધાન પાન ૨ ઉપર

## કોમનવેલ્થમાં ભારતે ૬૬ મેડલ મેળવ્યા

**ગોલ્ડ કોસ્ટમાં ભારત હવે ઓસ્ટ્રેલિયા અને ઈંગ્લેન્ડ બાદ ચંદ્રકોના મામલામાં ત્રીજા ક્રમે : ૧૫ ખેલોમાં ભાગ લઈ ભારતે ૯માં મેડલ જીતી કુશળતા દર્શાવી**

નવીદિલ્હી,તા. ૧૫

ગોલ્ડ કોસ્ટમાં કોમનવેલ્થ ગેમ્સમાં ભારતના શાનદાર સફરની પૂર્ણાહૂતિ થઈ છે. ભારતે કોમનવેલ્થ ગેમ્સમાં આ વખતે ૨૬ ગોલ્ડ મેડલ જીતીને જોરદાર સપાટો બોલાવ્યો છે. કુલ ૬૬ ચંદ્રકો ભારતે જીત્યા છે જેમાં ૨૦ સિલ્વર અને ૨૦ બ્રોન્ઝ મેડલનો સમાવેશ થાય છે. ૨૦૧૪માં ગ્લાસગોવ કોમનવેલ્થ ગેમમાં જીતેલા ૬૪ ચંદ્રકો કરતા પણ આ વખતે ભારતીય ટીમનો દેખાવ વધારે શાનદાર રહ્યો છે. ગોલ્ડ કોસ્ટમાં ભારતીય ટીમે આ વખતે ઓસ્ટ્રેલિયા અને ઈંગ્લેન્ડ બાદ ત્રીજા સ્થાને રહીને તમામને ચોંકાવી દીધા છે. ભારતનો શાનદાર દેખાવ આવનાર સમયમાં જારી રહે તેવા સંકેત પણ દેખાઈ રહ્યા છે. ભારતે ૧૫ રમતોમાં ભાગ લઈને ૯માં મેડલ જીત્યા છે. ભારતે દિલ્હી કોમનવેલ્થ ગેમ્સમાં ૧૦૧ ચંદ્રકો જીત્યા હતા જ્યારે ૨૦૦૨માં માન્ચેસ્ટર ખેલમાં ૬૯ ચંદ્રકો જીત્યા હતા. ભારત માટે શૂટિંગ ઈવેન્ટમાં મોટી સફળતા જોવા મળી હતી. શૂટિંગમાં આ વખતે ભારતીય શૂટરોએ સાત સુવર્ણ ચંદ્રક જીતી સપાટો બોલાવ્યો હતો. કુલ ૧૬ ચંદ્રકો ભારતે આ વખતે જીત્યા હતા. ભારત તરફથી અનિશ ભાનવાલા, મેહુલી ઘોષ, મનુ ભાકર જેવા યુવા ખેલાડીઓએ બાજી રાખી હતી. આ યુવા શૂટરો ઉપરાંત હિના સિંધુ, જીતુ રાય, તેજસ્વીની સાવંત જેવા અનુભવી શૂટરો પણ છવાયેલા રહ્યા હતા. જો કે, ગગન નારંગ માટે આ કોમનવેલ્થ ગેમ્સમાં નિરાશા રહી હતી. ભારતે વેઈટલિફ્ટિંગમાં પણ નવ ચંદ્રક જીત્યા છે જેમાં પાંચ ગોલ્ડ, બે સિલ્વર અને બે બ્રોઝનો સમાવેશ થાય છે.

અનુસંધાન પાન ૨ ઉપર




કઠુઆ ગેંગરેપ મામલે જમ્મુ - કાશ્મીરમાં ઠેર ઠેર વિરોધ પ્રદર્શનો જારી છે.

## સેનાના કમાન્ડરોની મિટિંગ આજથી : ચીન પર ચર્ચા થશે

નવીદિલ્હી, તા. ૧૫

સેનાના કમાન્ડરોની છ દિવસની કોન્ફરન્સ આવતીકાલથી શરૂ થઈ રહી છે. આ કોન્ફરન્સમાં ચીન અને પાકિસ્તાન ઉપર મુખ્ય ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે. આ સંમેલનમાં ક્ષેત્રિય સુરક્ષા માળખાની સમીક્ષા કરવામાં આવશે. સાથે સાથે ચીન અને પાકિસ્તાન સાથે જોડાયેલી સરહદ સાથે જોડાયેલા મુદ્દા ઉપર પણ ચર્ચા થશે. દેશની સામે રહેલા મુખ્ય પડકારો ઉપર ચર્ચા કરવામાં આવશે. ભૂમિ સેનાના અધિકારીઓનું કહેવું છે કે, સંમેલનનું નેતૃત્વ સેનાના પ્રમુખ જનરલ બિપીન રાવત કરશે. તેઓ અગ્રિમ મોરચા પર નિર્માણ સાથે જોડાયેલા વિષય ઉપર પણ ચર્ચા વિચારણા કરશે. ચીન સાથે જોડાયેલી સરહદ ઉપર મૂળભૂત માળખાના વિકાસની ગતિના મુદ્દે પણ ચર્ચા કરશે. ચીન અને પાકિસ્તાન સાથે જોડાયેલી સરહદ પર સ્થિતિના સંદર્ભમાં વિસ્તૃત ચર્ચા કરવામાં આવશે. ભૂમિ સેનાના પ્રવક્તા કર્નલ અમન આનંદે કહ્યું છે કે, જે મુખ્ય મુદ્દા પર ચર્ચા થનાર છે તેમાં ભવિષ્યમાં સુરક્ષા ખતરાઓને ઘટાડવા અને સંભવિત દુશ્મનની સામે યુદ્ધક્ષમતા વધારવાનો છે. તેમણે ઉમેર્યું હતું કે, અન્ય મુદ્દાઓ ઉપર પણ ચર્ચા થશે જેમાં ઉત્તરીય સરહદ પર ક્ષમતા વધારવા માટે મૂળભૂત

અનુસંધાન પાન ૨ ઉપર

**ભારતીય રાજદ્વારીઓ સાથે ખરાબ વર્તન કરાયું**

## રાજદ્વારીઓને શ્રદ્ધાળુઓને મળવાની મંજુરી ન મળી

નવીદિલ્હી, તા. ૧૫

ભારતે શીખ શ્રદ્ધાળુઓને ભારતીય રાજદ્વારીઓ પાસેથી કોઈપણ પ્રકારની સહાયતા મેળવવાને લઈને પાકિસ્તાને વાંધો ઉઠાવ્યા બાદ ભારતે આની નિંદા કરી છે. ભારતે આજે અખબારી યાદીમાં જણાવ્યું છે કે, શીખ શ્રદ્ધાળુઓને કોઈપણ પ્રકારની કોન્સ્યુલર સેવા લેવાથી રોકવાના પાકિસ્તાનના નિર્ણયને લઈને અમે ચિંતિત છીએ સાથે સાથે આની સામે વાંધો પણ ઉઠાવવામાં આવ્યો છે. પાકિસ્તાનમાં ભારતના રાજદ્વારીઓને હેરાન કરવાનો સિલસિલો જારી રહ્યો છે. હવે પાકિસ્તાનમાં ભારતીય રાજદ્વારીઓ પાસેથી સીખ

અનુસંધાન પાન ૨ ઉપર

## કઠુઆ ગેંગરેપમાં મહેબૂબા સરકારે ૪ આરોપી પોલીસકર્મીઓને બરતરફ કર્યા

જમ્મુ,તા.૧૫

જમ્મુ-કાશ્મીરની મુખ્યમંત્રી મહેબુબા મુફતીએ શનિવારે કઠુઆ રેપ કેસ મામલામાં આરોપી ચાર પોલીસવાળાને બરતરફ કરી દીધા છે. ખબરો પ્રમાણે રાજ્ય સરકારે આ મામલામાં આરોપી એક સબ-ઈન્સપેક્ટર, એક હેડ કોન્સટેબલ અને બે એસપીઓને બરતરફ કરી દીધા છે.

મુફતી સરકારે આ નિર્ણય બીજેપીના બે મંત્રીઓ ચૌધરીલાલ સિંહ અને ચંદ્રપ્રકાશ ગંગાના રાજીનામા પછી લીધો છે. આ બંન્ને મંત્રી કઠુઆમાં થયેલ આઠ વર્ષની બાળકીની સાથે રેપ અને હત્યા મામલા સામે થઈ રહેલી પ્રદર્શન રેલીઓમાં સામેલ હતા જેની પર મેહબુબા મુફતીએ ઘણો ગુસ્સો દર્શાવ્યો હતો.

અનુસંધાન પાન ૨ ઉપર

## અમેરિકામાં બરફના ભારે વાવાઝોડાને કારણે ૩નાં મોત

વોશિંગ્ટન,તા.૧૫

ગલ્ફ કોસ્ટથી ગ્રેટ લેક્સ તરફ આવી રહેલી સ્ટોર્મ સિસ્ટમના કારણે સેન્ટ્રલ યુએસમાં ભારે બરફવર્ષા થઈ રહી છે. ભારે વરસાદ, વાવાઝોડાંના કારણે યુએસમાં અનેક ફ્લાઈટ્સ કેન્સલ કરવામાં આવી છે, હાઈ-વે પર વાહન વ્યવહાર ઠપ્પ થઈ ગયો છે અને ૩ લોકોનાં મોત થયા છે.

શનિવારે શિકાગોમાં બરફવર્ષાના કારણે ૧૩ ઈંચ જેટલી બરફવર્ષા થઈ હતી. નોર્થ સેન્ટ્રલ યુએસના સ્ટેટ મિનેસોટામાં ઓથોરિટીએ

અનુસંધાન પાન ૨ ઉપર



પાકિસ્તાનના શ્રીન ઓફ ગુરૂદ્વારા ખાતે બૈશાખી નિમિત્તે ભારતીય શીખ શ્રદ્ધાળુઓ પાક.માં.